૩૪૦૪

ગૌરક્ષણ વિચાર.

અથવા

સ્વદેશાભિમાની જનોને સૂચના.

(મંદાક્રાંતા વૃત્તમ્.)

ગુમાવ્યું સૌ તન ધન તણું જોરને તોર તોયે,
તારૂં મારૂં કયમ કર હવે થાયછે વાર જોયે;
વીરા ધીરા સમર રણમાં પાય આગે વધારો,
દેશી મારા અમર કરવા નામ યત્ને પધારો.

" યક્ષ "

પ્રસિદ્ધ કર્તા—એક ધોળકાવાસી.

અમદાવાદ.
યુનિયન પ્રીનટીંગ પ્રેસમાં શા. ઘેહેલાભાઈ
નરસિંહદાસે છાપ્યો.

સૂચના.

(કવિત–મનહર છંદ.)

મિથ્યા શાને ગર્વ ધરો કરો નામ આપતણું—
ત્રમ થવા તન તાપ અમૃત આરોગી લ્યો,
મળે માન એવું ધ્યાન ધર્મ કર્મ વિષે ધરો—
નીજ સ્નેહ ત્યાગી કેમ મહા રોગ માગીલ્યો;
માતાના ઉદર થકી ઉદયની આશ રાખી—
રોપવાને યશ ધામ બીજ અનુરાગીલ્યો,
પ્યારા પુત્ર પ્રેમ નેમ પ્રથમથી પામવાને—
રોજ રોજ રાજી થઈ ગોપાલક ગાદીલ્યો.
મનહર સુખકર સરસ શરીર રહે—
નીકટ વિકટ પંથ દૂર થાય પાધરો,
લાખ નૂર નરનારી પવિત્ર ચરિત્ર ધારી—
લહે ગુણ ગાન કાન કામ તેવાં આદરો;
કીસન ગોપાલ લાલ ગોવર્ધન ગીરીધારી—
લાભકારી નામ તેનું અમર સુધા ધરો,
ભાસેછે ભવિષ્ય દશા કેવી થશે દુઃખકારી—
ઈશ્વર આશીશ માગું રક્ષક રક્ષા કરો.

"સ્વદેશભૂમિ"

ગૌરક્ષણ વિચાર.

(દોહરા.)

ગૌરી કે ગોદાવરી, યમુના નામ અપાય;
શોભા સારી તો વધે, હોય આંગણે ગાય.
ધર્મ શાસ્ત્રના નીમથી, પવિત્ર તેહ ગણાય;
કારણ કે તેથી વધુ, જનહિત કાર્ય જણાય.
પ્રાણીના પોષણ તણો, જન્મથી ગુણ રહેલ;
દુધ વિશે છે દસગણા, અનેક એવા મેળ.
જેહ સમે જઠરાગ્નિમાં, પાચન ક્રિયા પ્રવેશ;
પ્રથમં થાય પ્રય પાનથી, યાંત્રિક શક્તિ બેશ.
મોટા નાના મનુષનો, રોગ રહિત રસ માત્ર;
સૌ જાણે સસારમાં, ગાય ગુણનું પાત્ર.
પરિવારે પનોતીને, રૂડા રસની રેલ;
રૂપ રંગમાં રમ્ય છે, ઈહ થકીજ ભરેલ.
કલ્પલતાની પેર તે, પૂરણ ગુણ પ્રકાશ;

પેખી પોષક પ્રેમથી, હું પામ્યો હૂલાસ.
દુધ તથા દહીં ઘીવિશે, જેજે સ્વાદ જણાય;
અમૃત તુલ્ય આરોગતાં, તૃપ્તિ તેથી થાય.

રાજ્ય સત્તાધીશ પ્રજા પાલક અને ઇન્સાફી કહેવાય છે; લોકોના જાન માલનું રક્ષણ થાય છે; યુક્તિબળથી તેઓ વધ્યા છે એ વાત ઈતિહાસથી આપણને માલમ પડે છે. ઇ. સ. ૧૬૦૦ ના સાલમાં તેઓ વેપારાર્થે અહિં હિંદુસ્થાનમાં આવ્યા. તેમના સ્વપ્નામાં પણ નહિં હતું કે તેઓ રાજ્યકર્તા થઇ જશે. તેમનું નસિબ ફર્યું, વખતે યારી આપી અને લાભકારક લાયકી વધવાથી તેમજ વેપારવણજમાં દીન પ્રતિ દીન ચડતી થવાથી સૌથી આગળ પડી તેઓએ પોતાની ઉલટ વધારીને રાજ્ય કરવા તરફ નજર દોડાવી. કમનસિબ દેશી પ્રજાની નબળાઈ તથા કુસંપથી તેમના પ્રપંચને પુષ્ટિ મળી અને સહજ સાધનથી પણ સાહસ વ્હોરી લેવાથી તેમનો વિજય થતો ચાલ્યો. લોભનો થોભ રહ્યો નહિં. પહેલી વેપાર

ટોળી–ઈસ્ટઇંડિયા કંપની ઇંગ્લંડની રાજ્યસત્તા સહાયથી ફાવતી ગઈ. સત્તાઓ ભોગવવા લાગી. તેણે સત્તાનો ઉપયોગ જુલમ થકી કીધો. "પૈશા કાઢો" "પૈશા કાઢો" એ તેમની મુખ્ય મતલબ હતી. "ગમે તેમ કરો પણ અમને નાણા આપો" આ તેમનો મોટો જુલમ હતો. મોટા મોટા જમીનદારો, ભાયાતો તથા ખેડૂતોની આબરૂ ઉપર તેઓએ હાથ નાખ્યો અને તેમના બૈરી છોકરાંની હાલત નિર્દયતા યુકત નજરે જોઈ. તેમના ઘરબારમાં મદાંધ સોલજર રીંછની હાક વાગી રહી અને સર્વત્ર ત્રાહ્ય ત્રાહ્યની તાળીઓ પડી રહી. ધર્મ કર્મમાં નાત જાતમાં ભુરિયાં ટોપલાંવાળાઓની રૂમા રૂમથી ધુમાધુમ થઇ રહી. તેનું પરિણામ એ થયું કે, આખર દેશી લડાયકોનાં દીલ વીરત્વથી કંપવા લાગ્યાં અને તેવાજ સમયે બાપોનેટના કાર્ક્રસ વિશે તેમનો અંદેશો ધર્મવિરોધ જણાયાથી મ્યાનની તલવાર નીકળી પડી તેથી હજારો ઉભય પક્ષના પ્રાણનો નાશ થયો. જે સમયે હિંદુ મુસલ-

માનની એકત્ર-એકયતાથી આખા દેશમાં મોટું બંડ થયું અને મહા સાહસથી યુક્તિ વિનાના પૈશે ખાલી થયેલા દેશીલોકો મોટા બળથી યુક્તિવાળા તથા વધારે શક્તિવાળા સામા ભીડાયાથી પાછા પોતાનું પાણી બતાવી છેલી તાલમ બાજીમાં વાજ આવી જીવ આપી યાહોમ થયા.

એ સમય વીતી ગયો, કંપનીના લેખ ઉપર મેખ મરાઈ અને તેના એજંટોની તપાસ કરવાને કમીશન નીમાયું; તેનું છેવટ એ આવ્યું કે ન્યાય પરાયણનો મુકુટ ધારણ કરી મહારાણી શ્રી વિકટોરીયાએ આખા દેશમાં પોતાનો ઢંઢેરો ફેરવ્યો. હિંદુઓને નવા હક્ક આપ્યા; તેમાં એમ જણાવ્યું કે, "પ્રજાની ધર્મ સંબંધી લાગણી દુઃખાવવામાં નહિ આવે અર્થાત ન્યાયનું પલ્લું સત્યતા તરફજ નમશે." આથી બંડ બખેડા સમાવેશ પામ્યા અને રૈયતના રક્ષણને માટે એવી યુક્તિઓ કામે લગાડી કે થોડી મુદતમાં પાછો વિશ્વાસ મેળવી લીધો. જમીનદારોના લેખ નવા થયા. કરનો દર વ્યાજબી

રીતે અદાલતના દફતરોમાં નોંધાયો. એ ગોઠવણ પછી રાજા પ્રજામાં કેટલોક વખત સુધી ઉંચા જી-વથી સંબંધ હતો; પરંતુ જ્યારે અમેરિકામાં મોટી લડાઈ જાગી, ત્યારે હિંદુ વેપારીઓની પેઢીઓમાં તેજી થઇ ગઈ. પૈસાથી ખાલી પડેલો દેશ પાછો તર થયો અને લોકોના મનને શાન્તિ મળી. તેમાં કમનસિબ દેશીઓને માત્ર "કોયલાના વે-પારમાં હાથ કાળા" એ લાભ પ્રાપ્ત થયો. દેશી-ઓની જાહોજલાલી જોઇ ઇંગ્લાંડના વેપારીઓને દ્વેષબુદ્ધિ ઉત્પન્ન થઇ. તેમણે નવી નવી કંપનીઓ દ્વારે હવે હિંદુસ્થાન સાથે વિશ્વાસ પાત્ર વર્તણુંકથી કામ ચલાવ્યું. "સત્તા આગળ શાણપણ નહિ" એ મુજબ દેશીઓએ તેમના ભરોંસા ઉપર લોભાઈને તેમની મોટી મોટી પેઢીઓ જોડે આડતો બાંધી. નાણાની મોટી રકમો ભરઢોળ થવા લાગી અને દીન પ્રતિદીન સંબંધ વધતો ગયો. એક તરફથી રાજ્ય-સત્તાપર વિશ્વાસ બેસાડયો અને બીજી તરફથી

વેપાર રોજગારના કારખાનાની ખાત્રી પુર્વક નામદારી વધારી. રાજકારોબારીઓએ હિતસ્વિતા જણાવીને દેશીઓમાં નવો સુધારો દાખલ કર્યો. પોતાની અડચણ મટાડવાને મોટી મોટી શાળાઓ સ્થાપી અને એ રીતે દેશીઓને બુદ્ધિ ચાતુર્યમાં વધારવા માંડ્યા. તેમજ થોડા જે લાયક લાગ્યા તેમને પોતાની નોકરીમાં રાખ્યા. રૈયતના રક્ષણને માટે કે રાજ્યની વૃદ્ધિને અર્થે, સ્વસત્તા હેઠળ ઠેકાણે ઠેકાણે લસ્કરો મુક્યાં, તેમાં દેશી અને યુરોપિયન બનેને દાખલ કીધા; પણ વધારે હક્ક તો યુરોપિયનોનેજ આપ્યા. આ વખતે દેશીઓ નવી સત્તાના તેજથી અંજાઈ ગયા હતા તેથી તેમના મન કેટલોક વખત સુધી અંધાધુંધીમાંજ રહ્યાં. જેમ જેમ સહવાસ અને પ્રસંગ વધતો ગયો તેમ તેમ ચંચળ મનના દેશીઓ ચાલાક થવા લાગ્યા અને તેમનાં અજ્ઞાન પડળ ખુલ્યાં. નવા નવા વર્તમાનપત્રોને ચોપાનિયાં નીકળ્યાં. દેશી સમાજોમાં ભાષણો થયાં અને એ રીતે ઇંગ્રેજી કેલવણીનાં બીજ

દેશીલોકોમાં રોપાયાં. ઇસ્ટ ઇન્ડિયા એસોશિયેશન વગેરે સભાઓએ દેશીઓના હક્કની તપાસ લીધી અને યોગ્ય માગણી કરીને ન્યાય મેળવવાની પ્રસંશાપાત્ર રાજ્યસ્તુતી કીધી. જેજે બાબતો વિશે મન મનાવી શકાય તેવું જણાયું, તે વિચારને વ્યાજબી દાદ મળી અને બીજીને માટે બાના બતાવી નાલાયક ગણી કાઢ્યા. ન્યાય બહુજ મોંઘો મળવા લાગ્યો તેથી લોકોને તે મેળવવામાં મુશિબત પડવા લાગી. ઈન્સાફની સફાઇમાં ગુપ્ત ભેદ હોવાથી તેને ખોટો કહેવા તેમ ખરો કહેવામાં કેટલાક કારણોની કોતાઇ જણાય છે. વેપાર હુન્નર રસ્તે, રાજ્ય સત્તાના દાબથી અને એવા એવા અનેક પ્રકારે એકઠા સમૂહમાં નાણાની મોટી સંખ્યા પરદેશીઓના પાતાળ સરખા પેટમાં સમાય છે. ઇંગ્લંડખાતે મહાલક્ષ્મિ દેવીએ વાસો કીધો છે તેથી સઘળી શોભા ત્યાં ભરાઇ છે; તેમાં જે બાકી રહી છે તે માત્ર એટલીજ કે બેફામ દેશીલોકો સોનું રૂપું ઘરેણા તરીકે જુજપણુ રાખી રહ્યા છે તેજ

છે. અહીં લોકોના ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે છે તે જો મોંઘો ન્યાય મેળવવાને ફરિયાદ ન કરે તો તેનો મોટો પાડ માનવો જોઇએ. નોટના કાગળિયાં નાણામાં ગણીને મુંબઈના વેપારીઓ પેટીઓ સામું જોઈને આનંદ પામે છે; પણ તેઓ કેમ સમજતા નથી ? કે, કાગળ જેવી નજીવી પાણીના ઓગાળ સમાન ચીજને લખીત આંકડાથી માત્ર કીમતી જાણોછો પણ ન કરે નારાયણ કે તમને પશ્ચાતાપના વમળમાં ગોથાં ખાવાં પડે! વિદ્યાના અંકૂરો પ્રફુલ્લિત થયાં છે, એથી તથા ઉદ્યોગે પૈશે અને શરીરે હજુ નબળા છે; તેથી પ્રથમ એ નબળાઇના મુખ્ય કારણોની તપાસ કરીને તેને દૂર કરવાનો પ્રયાસ લેવો ઘટે છે. "ધર્મ સંબંધી લાગણીઓ નહિં દુખાવવામાં આવે તથા પ્રજાના હિત્તની વાત દીલ ધરવામાં આવશે અને સર્વત્ર સલાહ શાન્તિ પ્રસરાય તેવા ઉપાયો કામે લગાડાશે." આ મતલબ પાર ઉડે છે કે નહિ? એ તપાસવાનું કામ સત્તાધારીઓનું હતું પણ તેમણે દરેક કા

મમાં કાયદાની બારીકીઓ પકડી છટકી જવાનું બા-
નું કાઢયું છે ત્યારે પ્રજાને પોતાની ફરિયાદ ઠેઠ સુ-
ધી પોહોચાડતા થવાની મોટી અગત્ય છે. એક વ-
રસમાં એક લાખથી પણ વધારે ગૌવધ થાય છે
આ શું ઓછો ગજબ છે? !!! અહો આર્યવીર પુરૂષો
એ તમારાથી કેમ શહન થઇ શકે છે ? શું લા-
ખો ગૌહત્યાથી પણ તમારી ધર્મ સંબંધી લાગ-
ણી નથી દુખાતી ? શું વધસ્થંભ ઉપર લટકેલી
ગાયને બરાડતાં અંત સમયની ઘુમથી તમારી દ-
યાની લાગણી કાંઇજ નથી ઉશ્કેરાતી ? શું ગૌવ-
ધથી તમારા ખેતી વાડીના સાધનોમાં મોટી હાની
નથી થતી ? શું લાખો પ્રસિદ્ધ ગૌવધથી તમે તન
ધન સબંધી નબળાઇના મહા દુષ્ટ રોગે અને નિ-
રૂદ્યોગીપણાથી ખુવાર નથી થયા ? ખરેખરા
શૂરા રજપૂતોથી, વિદ્વાન બ્રાહ્મણોથી, જગજીવન
વણીકોથી અને નીમકહલાલ મહેનતુ સજીવન દો-
લતના ખજાનચી ખેડૂતોથી તથા કારીગરોથી, જે
સ્થાન મહા તેજસ્વિતા દાખવતું હતું તે નિસ્તેજ

થયેલું, રે! સત્વરહિત બનેલું, મોટી વિટંબનામાં પડેલું છે, એ કેટલું શરમ ભરેલું કહેવાય? !!!

પ્રિય આર્ય વીર પુરૂષો, ધર્માત્માજનો, તમે વિચાર કરો કે, આપણી દયાપાત્ર સ્થિતિ તથા સંતત્તિની નબળાઇના કારણમાં મુખ્યત્વે કરીને જે જે બાબતોનો શોધ થએલો છે; તેમાં આ પણ એક એવું તો અવશ્યનું કાર્ય આગળ આવ્યું છે કે, ગૌરક્ષણની બેદરકારી થાયછે, તે અત્યંત ખેદકારક બીના છે.

(દોહરો.)

પોષકને પોષો સદા, તો પોષાશો આપ;
નાશ જોઇને તેહનો, પામો મન સંતાપ.

જે વીર પુરૂષોના અંગમાં માત્ર અંદેશાથી પ્રબળ યુક્તિવાન રાજ્યસત્તા ધારી સામા ભીડાવાની સાહસિક બુદ્ધિ ઉદ્દીપન્ન થઇ હતી; રે! તેઓ હાલ ગૌવધના પ્રસિદ્ધ સ્થળોને નીહાળીને અને તેમાં અંત સમયની " ભાં ભાં ભાં " બુમો સાંભળીને કેમ શાન્ત બેઠા છે!!! તેમનું વિરત્વ ક્યાં ગ-

યું છે!!! શૂરાનર ક્યાં ભરાઈ રહ્યા છે!!! અરે! ઉઠો ઉઠો બ્રાહ્મણો તમારા સજીવન મંત્રને સ્મૃતિમાં લાવો! પર્શુરામ પરાક્રમીને સંભારો અને પવિત્ર જગતંબા દેવી જે ગાય તેને સવારના સૂર્ય દેવના રાજ્ય સમારંભ સમયેજ હજારો અસુર છરીઓ હાથમાં લઇને મારવા તૈયાર થાય છે તેમને અટકાવો. રે! તેઓને ગાયના દર્શનનો લાભ પણ ન લેવાદ્યો. ક્ષત્રીઓ જે હાલમાં બાયલા બની ગયા છે તેમને પુરૂષાર્થનું પાણી ચડાવો. ભાઈઓ, તમારૂં ઉપદેશનું કામ તમે કેમ ભુલી ગયાછો. તમારૂં નિત્ય કર્મ યજ્ઞ યાગાદિક વૈસ્યદેવ વગેરે હાલમાં કયાં થાય છે. વિચારો મારા મહાન પ્રતાપી બ્રહ્મદેવો, અગ્નિહોત્રીઓ, તમારી પવિત્રતા તે ક્યાં પેસી ગઈ છે. અહો! શૂરવીર ક્ષત્રી જાયા રાય રાણાઓ, તમે ગૌબ્રાહ્મણ પ્રતિપાળ કહેવાઓ છો ને કેવી રીતે. તમે ગાય અને બ્રાહ્મણનું શું પ્રતિપાળણ કરો છો. તમારૂં રાજ તેજ ક્યાં ગયું. વિવેકી વણીક શેઠિયા મહાજનો—જીવ દયા

જે શોધ્યું પણ મુશિબતથી જુજ મળે છે અને અસલ યજ્ઞ યાગાદિ ધર્મ કર્મમાં ગાયનું ઘી મોટા જથામાં વાપરવાને જોઈએ તેટલું મળી શકતું હતું એ ઉપરથી તે વખતમાં ગૌરક્ષણ વિચારની કેટલી કાળજી લેવાતી હશે તે માલમ પડે છે.

પ્રિય આર્ય વીર પુરૂષો, ધર્માત્માજનો, તમે વિચાર કરો કે, આપણી દયાપાત્ર સ્થિતિ તથા સંતત્તિની નબળાઇના કારણમાં મુખ્યત્વે કરીને જે જે બાબતોનો શોધ થએલો છે; તેમાં આ પણ એક એવું તો અવષ્યનું કાર્ય આગળ આવ્યું છે કે, ગૌરક્ષણની બેદરકારી થાયછે, તે અત્યંત ખેદકારક બીના છે.

(દોહરો.)

પોષકને પોષો સદા, તો પોષાશો આપ;
નાશ જોઇને તેહનો, પામો મન સંતાપ.

પ્રાણી વર્ગમાં ગાય એ એક અમુલ્ય લાભ આપનાર આપણી જીંદગીની જીવનદોરીજ છે. એક ગાયનું પોષણ સેહેજ ખર્ચથી થાયછે અને

સેહેજ સાચવણીથાજ તેના કિમ્મતી દુધ જેવો અતી પુષ્ટીકારક તથા મજબુત અને પાચક રસ મેળવી શકીએ છીએ. જે રસ આપણા શરીરનો મુખ્ય આધાર ગણાય છે અને જે રસના સંશોધનથી અતી વિર્યવાન અને સબળ શ્રેષ્ટ ઘી રૂપે થતા પદાર્થની તરેહવાર સ્વાદિષ્ટ પકવાનોની અમૃત સમાન પ્રાપ્તી કરીએ છીએ. તે રસકે જેના એક વખતના ખોરાકથીજ આપણી શરીર પ્રકૃતિમાં જમીન આસમાનનો ફેરફાર થયેલો માલમ પડી આવેછે; એજ રસથી વગર પોષાયલો કોઈપણ મનુષ્ય શું તમે કદી શોધી શકનાર? સર્વમાન્ય રીતે સિદ્ધ થઈ શકે છે કે, ગાયનું દુધ અને ઘી દરેક ઋતુમાં સરખી રીતે માફક આવે તેમ છે; માટે આરોગ્યતાના સંબંધમાં ગૌરક્ષણની મોટી અગત્ય છે એમ સ્પષ્ટ રીતે સમજાય છે.

અસલ ઘી રૂપીઆનું દસ શેર બાર શેર મળતું હતું અને હાલ બશેર સવાબશેરનું મળે છે તેનું કારણ જો શોધી કાઢવા ધારીશું તો આપ-

ણને તરતજ માલમ પડશે કે દીન પ્રતિદીન ગૌ હત્યાનો વધારો થતો જાયછે તેજ છે.

માણસની મુળ આરોગ્યતાનો આધાર રોજ ના ખોરાક ઉપર રહેલો છે અને તેના કસમાં કેટલો બધો તફાવત થયેલો માલમ પડે છે તે વિચારવું સહજ છે. હાલમાં આપણે જોઈશું તો નબળા બળદનો ખેતીવાડીના કામમાં ખેડૂતો ઉપયોગ કરેછે; તેના કમકૌવતથી જમીનમાં ઉથલ પાથલ થવાનો સંભવ ઓછો રહેછે; તેથીજ ખરેખર આપણા ખોરાકમાં ફીકાશ અને કમ કૌવતીનો અંશ વધારે રહિ જાયછે; જેથી આપણી હાલની આરોગ્યતામાં મોટી ખરાબી થયેલી માલમ પડે છે. કોલેરા વગેરે મહાદુષ્ટ વ્યાધીનો પ્રચાર પણ હાલમાંજ થયેલો છે; અગાઉ તેને કોઇ સ્વપ્નામાંએ જાણતું નહોતું. અશુદ્ધ હવા તથા ફીકો–સત્વ રહિત ખોરાક અને વિર્ય વર્ધક પદાર્થ જે ઘી, તે, ઘણુંજ મોંઘું મળે છે એટલે આરોગ્યતાનાં સર્વે સાધનો ભાગ્યાં તુટયાં અને વીખીપીં-

ખી ગયેલાં હોવાથી આપણી હાલની સંતતિ અસાધારણ મરજોને ભોગ થઈ મોટી હેરાનીમાં પડે છે; એ રીતે આખર જીવનું જોખમ પણ થવાને વધારે વખત લાગતો નથી.

ઉદ્યોગ પ્રવૃતિમાં તનની નબળાઈ ધનની નબળાઈને જલદીથી પ્રવેશ કરાવે છે તેથી એકંદર રીતે દરિદ્રતાનો વાસો આપણા સર્વ સ્થળોમાં બળજોરી કરી આપણું નસંતાન વાળી મુકેછે; ભાઈઓ તે તમારાથી કેમ સહન થાય છે ? ! ! ! અસલ ખેડુતોના ઘરમાં કેટલો વૈભવ હતો, તે જ્યારે તમારા સાંભળવામાં કે જાણવામાં આવે છે; અને હાલમાં એ વર્ગના લોકોની સ્થિતિ નજરે નિહાળીએ છીએ; ત્યારે કેટલી મોટી દીલગીરી પ્રાપ્ત થાયછે. માતાનું દુધ બાળકોને વધારે અનુકૂળ હોયછે એવો મત સ્વાભાવિક રીતે પ્રસિદ્ધ છે; તેમજ સારા કૈવતને માટે અસલના નિર્લોભી ખેડુતો પોતાના ઘરમાં જે જે ઢોર પાળવામાં આવતાં તેમના વાછરડાં વગેરેને રોજના દોહોવાતા દુધ-

માંથી અરધો અરધ પાઈ દેતા હતા; તેથી ઢોરની સ્થિતિ એવી તો તંદુરસ્તી ભરેલી રહી શકતી હતી કે તેમની મહેનત કરવામાં પુરતી જોરાવરી વધતી હતી અને રોજનો ખોરાક પણ પછી એવો તો પાચન થઈ જતો હતો કે, પાછા સવારમાં મહેનત કરવાને માટે બરાબર તૈયાર થઈ રહેતા. ગાયના દુધમાં એવો પણ એક ગુણ રહેલો છે કે, તેવડે બાળપણમાં પોષાયાથી ત્રણે રૂતુમાં માણસની તબીયત દ્દઢ અને કસાયલીજ રહેછે; તેને શિયાળાની કકડતી તાઢમાં મહેનત કરતાં બીલકુલ થંડી વાતી નથી, કે, થથરી ચડતી નથી અને ચામડી પણ ફાટતી નથી. તેઓને ઉનાળાના સખત તાપમાં ફરતાં જરા પણ મુશ્કેલી નહિ નડતાં ખુશીથી પોતાના કામમાં પુરો પસીનો વાળીને શરીર કસેછે અને આખો દાહાડો ખેતરમાં રાક્ષસી મહેનત કરતાં પણ માંદા પડતા કે સુકાતા નથી. ચોમાસું બેસી ચુક્યું, એટલે આગળના ખેડુતના છોકરાંઓ બાળપણમાં ગાયના દુધ અને ઘીથી પો-

પાણીને લઇ થયેલા હોવાથી; વરસાદની મુશળ ધારાઓ પડતી હોય ત્યારે, પોતાના ઢોર વગેરે બીજા ખેતીવાડીના સબળ સાધનો સાથે લઈને જમીન ઉથલાવવા જતા હતા. જેથી જમીનનાં સઘળાં પડ ભીંજાઇ જતાં હતાં અને પાક પણ પુષ્કળ સારો થતો હતો. વરસાદમાં આખો દીવસ ખેડુત અને તેના ઢોર રહેવાથી તેમને પણ શરદી થતી નહોતી અને તબીયત ઘણીજ સારી ફુરતી વાળી રહેતી હતી.

હવે આપણે વિચારવું ઘટે છે કે, ઉપર મુજબ જેના ગુણનું વર્ણન થઈ શકે તેવા ઉદાર્થની જે દેનારી છે; જેના વડે આખા જગતની ખેતીવાડીના સાધન રૂપ તેના પુત્રોનો આપણે ઉપયોગ કરીએ છીએ અને ગાડીમાં બેસીને જેની પીઠપર આપણી મુસીબતો નાખીએ છીએ; જેના પ્રતાપે આપણા ખેડુત વર્ગના સબળ સાધનોનો આધાર રહેલો છે; જેથી આપણી હમેશની ખોરાકીના ભંડારના બારણાં જાહોજલાલીવાળાં જણાય છે; તે

સઘળો મોટો ઉપકાર એ ગૌકુળની પ્રાપ્તિ કરી દેનારી મહાદેવી શ્રી પવિત્ર ગૌમાતાનોજ છે.

ભાઇઓ નીચેના કોઠાપરથી તમને સમજાશે કે, એક ગાયના નાશથી કેટલું નુકશાન થાય છે. જો દીન પ્રતિદીન ગૌવધ સંબંધી બેદરકારી રાખતા જઇશું તો આ ભારત વર્ષ કેટલા ખાડામાં પડતું જશે, આ હિસાબે થોડા કાળમાં કેવી દુર્દશાને પામશે ?!!!

"યક્ષ"



એક ગાયના નાશથી તેની પાંચ પેઢીના હીસાબે

કેટલું નુકશાન થાયછે.

દુધનો હીસાબ.

પેઢી	દુધાર ગાયોની સંખ્યા	તેમનું માસીક દુધ રોજનું સરાસરી શેર ૫) લેખે.	તેમનું વાર્ષિક દુધ.	ગાયની જીંદગીમાં દુધની–જીંદગીની સરાસરીવર્ષ૧૨ની	તેના દુધનીકીમતનો અડસટો મણ ૧ ના રૂ. ૨॥ લેખે.
		મણ.	મણ.	મણ.	રૂ.
૧	૧	૩॥	૪૫	૫૪૦	૧૩૫૦
૨	૬	૨૨॥	૨૭૦	૩૨૪૦	૮૧૦૦
૩	૩૬	૧૩૫	૧૬૨૦	૧૯૪૪૦	૪૮૬૦૦
૪	૨૧૬	૮૧૦	૯૭૨૦	૧૧૬૬૪૦	૨૯૧૬૦૦
૫	૧૨૯૬	૪૮૬૦	૫૮૩૨૦	૬૯૯૮૪૦	૧૭૪૯૬૦૦
	૧૫૫૫	૫૮૩૧	૬૯૯૭૫	૮૩૯૭૦૦	રૂ.૨૦૯૯૨૫૦ દુધની કીંમત.

એક ગાયના નાશથી તેની પાંચ પેઢીના હીસાબે કેટલું નુકશાન થાયછે.

અનાજનો હીસાબ.

પેઢું	પેઢીધર બળદોની સંખ્યા	તેમનાથી ઉત્પન્નથતા બળદની જોડીની સંખ્યા.	તેમનાથી થતી અનાજની વાર્ષિક ઉત્પત્તિ જોડી૧ ના મણ ૨૦૦ બંગાલી લેખે.
			મણ.
૧	૧	૩	૬૦૦
૨	૬	૧૮	૩૬૦૦
૩	૩૬	૧૦૮	૨૧૬૦૦
૪	૨૧૬	૬૪૮	૧૨૯૬૦૦
૫	૧૨૯૬	૩૮૮૮	૭૭૭૬૦૦
	૧૫૫૫	૪૬૬૫	૯૩૩૦૦૦

અનાજનો હીસાબ.

તેમની આખી જીંદગીમાં જે અનાજ ઉત્પન્ન કરી આપે છે તેની તપસીલ. મેહેનતની જીંદગી ૧૦ વર્ષ.	ઉત્પન્ન થતા અનાજની સામાન્ય કીંમતનો અડસટો. મણ ૧ની રાસ રૂ. ૨
૬૦૦૦	૧૨૦૦૦
૩૬૦૦૦	૭૨૦૦૦
૨૧૬૦૦૦	૪૩૨૦૦૦
૧૨૯૬૦૦૦	૨૫૯૨૦૦૦
૭૭૭૬૦૦૦	૧૫૫૫૨૦૦૦
૯૩૩૦૦૦૦	૧૮૬૬૦૦૦૦ અનાજની કીંમત.
	૨૦૯૯૨૫૦ દુધની કીંમત[નુકશાન
	૨૦૭૫૯૨૫૦ એક ગાયનુ પાંચ પેઢીનુ
	૧૦૦૦૦૦ વરસ ૧ની કપાતી ગાયો
	રૂ. ૨૦૭૫૯૨૫૦૦૦૦૦૦

આ કેવો ગજબ ગુજરે છે કે, દર વરસ સરાસરી એક લાખ ગાય હિંદુસ્થાનમાં કપાય છે તો ફક્ત એક વરસની ગાયો ખોવાથી તેની પાંચ પેહેડીના હીસાબે રૂ. ૨૦૭૫૯૨૫૦૦૦૦૦૦)નું નુકશાન ખમવું પડે છે.

નં૦ ગૌરક્ષણ વિચાર પત્ર વહેવાર ઑફીસ.

અમદાવાદ:—ખાડીયા, જેઠાભાઇની પોળ.

તા. માહે સને૧૮૮

સદા રાજમાન રાજેશ્રી મહેરબાન

મુ.

વિશેષ વિનંતી સાથે લખવાનું કે,

અગત્યની સૂચના યોગ્ય શેવા ફરમાવતાં પ્રીતિમાં વધારો કરશો.

લી. શેવક અંબાશંકર ગૌરીશંકર મેહેતાના

આપની પવિત્ર શેવામાં જય દેશોત્કર્ષ—વિજયરંગ.